

# પરિષદવૃત્ત

સંકલન : રાજેન્દ્ર પટેલ

## પાક્ષિકી અંતર્ગત વીનેશ અંતાણી તથા નવનીત જાનીનું વાર્તાપઠન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૬-૧-૨૦૧૧ના રોજ સાંજે ૬-કલાકે જાણીતા નવલકથાકાર, વાર્તાકાર શ્રી વીનેશ અંતાણીએ તેમની અપ્રકાશિત વાર્તા 'માધવીની વાર્તા'નું પઠન કર્યું હતું અને તા. ૫-૨-૨૦૧૧ના રોજ શ્રી નવનીત જાનીએ 'રિયાલિટી શૉ' વાર્તાનું પઠન કર્યું હતું. ઉપસ્થિત વાર્તારસિક ભાવકોએ વાર્તાની ચર્ચા કરી હતી. જેમાં રાજેન્દ્ર પટેલ, દીવાન ઠાકોર, કિરીટ દૂધાત, હરીશ ખત્રી, દીના પંડ્યા વગેરે વાર્તાકારોએ ભાગ લઈ વાર્તાની વિગતે ચર્ચા કરી હતી.

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ડૉ. અવધેશકુમાર સિંઘનું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા યોજાતા સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત આઠમું વ્યાખ્યાન તા. ૨૦-૧-૧૧ના ગુરુવારે ડૉ. અવધેશકુમાર સિંઘે 'સંસ્કૃત કાવ્યતત્ત્વવિચાર અને પાશ્ચાત્ય કાવ્યતત્ત્વવિચાર : તુલનાત્મક અભ્યાસ' વિશે આપ્યું હતું. આજે કાવ્યતત્ત્વવિચારની ચર્ચા કેટલી પ્રાસંગિક એવો પ્રશ્ન કરી તેમણે પૂર્વ અને પશ્ચિમના પાયાનાં તત્ત્વોની વિશદતાથી તુલનાત્મક ચર્ચા કરી હતી. પ્રશ્નોત્તરીમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા, સુમન શાહ, ડી. જે. બાવલેચા અને રંજના અરગડેએ ભાગ લઈ ચર્ચાને જીવંત બનાવી હતી.

## શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સેપ્ટ (CEPT) યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી રવિશંકર રાવળ શ્રેણીનું આઠમું વ્યાખ્યાન તા. ૧૨-૨-૨૦૧૧ના રોજ સુખ્યાત કળાકાર શ્રી નીલિમા શેખે 'ઘર ચોમેર – Home every where' વિશેનું વ્યાખ્યાન સેપ્ટ યુનિવર્સિટીમાં આપ્યું હતું.

## અનુવાદિત સાહિત્યિક પુસ્તકો અંગે

ગુજરાતી ભાષામાંથી અંગ્રેજી તેમ જ ભારતીય ભાષામાં અનુવાદિત થયેલ પુસ્તકની સંપૂર્ણ વિગત ગુજરાતી સાહિત્ય પરિષદ પર મોકલવા વિનંતી છે. પરિષદ અનુવાદિત થયેલ પુસ્તકોની સૂચિ બનાવી રહી છે તે માટે ઉક્ત માહિતીની આવશ્યકતા છે.

## પરિષદની મુલાકાત

શ્રી મહારાજા સયાજીરાવ યુનિ.ના સો જેટલા વિદ્યાર્થીઓએ તા. ૨૯-૧-૨૦૧૧ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાત લીધી હતી. અને તા. ૩૦-૧-૨૦૧૧ના રોજ યુનિ. ટ્રસ્ટ



સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ નડિયાદના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્ર પટેલ અને પ્રફુલ્લ રાવળે પરિષદપ્રવૃત્તિનો વિદ્યાર્થીઓને ખ્યાલ આપ્યો હતો.

## ઓ' હેન્રીની ટૂંકી વાર્તાઓ વિશે વ્યાખ્યાન

'વાંચે ગુજરાત' અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અને ગુજરાતી વિભાગ, ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન તા. ૧૭-૨-૨૦૧૧ના બપોરે ૧-૦૦ કલાકે કર્યું હતું જેમાં શ્રી પરેશ વ્યાસે 'ઓ' હેન્રીની ટૂંકી વાર્તાઓ' વિશેનું પ્રવચન ઉમાશંકર જોશી સભાગૃહ ભાષાસાહિત્ય ભવનમાં આપ્યું હતું. જેમાં ઓ હેન્રીની વાર્તાઓની વિશેષતા ચીંધી આપી હતી. વાર્તાઓમાંથી ઉત્તમાંશોનું ફિલ્માવલોકન કરીને પ્રોજેક્ટર દ્વારા 'એને કહેજે કે', 'માસ્ટર પીસ', 'ક્રિસમસની ભેટ', 'વ્યસ્ત શેરબ્રોકરની પ્રણય કહાણી' અને 'ન માંગે, દોડતું આવે' જેવી વાર્તાઓનો આસ્વાદ કરાવીને ઓ' હેન્રીની વાર્તાઓની ખાસિયતોની ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને પ્રવચન દરમિયાન ખૂબ જ રસપૂર્વક વાર્તાઓની ચર્ચા સાંભળી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી કીર્તિદા શાહે અંતમાં આભારદર્શન કર્યું હતું શ્રી રાજેન્દ્ર પટેલે વક્તાશ્રી પરેશ વ્યાસનો પરિચય આપ્યો હતો.

## ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતિ નિમિત્તે<br>સ્વર્ણિમ માતૃભાષા મહોત્સવમાં વાર્તામેળો અને કવિસંમેલન

ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતી નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના સહયોગથી તા. ૩૦-૧-૨૦૧૧નાં રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં સવારે ૯થી સાંજે ૫-૩૦ સુધી વાર્તામેળાનું આયોજન કર્યું હતું. વાર્તામેળાના પ્રારંભે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ કર્યું હતું. જ્યારે કાર્યક્રમની ભૂમિકા વિવેચક-નવલકથાકાર, વાર્તાકાર શ્રી શિરીષ પંચાલે બાંધી હતી. શિરીષ પંચાલે ગુજરાતી ટૂંકી વાર્તાની ગતિવિધિ વિશેનું અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. વાર્તામેળામાં ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકારો સર્વશ્રી કિરીટ દૂધાતે 'બાયું', મોહન પરમારે 'તેતર', સુમન શાહે 'નેચરલ સુગરની સ્વીટ', અજિત ઠાકોરે 'રજોટી', રમેશ ર. દવેએ 'આસમાની', બિપિન પટેલે 'તદ્દુરે તદ્દુરે', માય ડિયર જયુએ 'છકડો', પરેશ નાયકે 'સાત પાંચીકા' અને બિન્દુ ભટ્ટે 'આંતર સેવો' જેવી પોતાની ઉત્તમ વાર્તાઓનું પઠન કર્યું હતું.

આ કાર્યક્રમનું સમાપન શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું હતું. એમને વાર્તાની ખૂબ મહત્ત્વની કડીઓ વિશે વાત કરી હતી. એમણે કહ્યું કે છેલ્લા-પચ્ચીસ ત્રીસ દાયકામાં નવા અનુ આધુનિક વાર્તાકારો આવ્યા. તેમાં હિમાંશી શેલત, મોહન પરમાર અને કિરીટ દૂધાત મને અતિ મહત્ત્વના વાર્તાકારો લાગ્યા છે. આ કાર્યક્રમના અંતે શ્રી હર્ષદ ત્રિવેદીએ આભાર દર્શન કર્યું હતું.

આ કાર્યક્રમ પછી રાત્રે ૮-૦૦ કલાકે ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતી નિમિત્તે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં જાણીતા કવિઓ સર્વશ્રી રઘુવીર ચૌધરી, ચન્દ્રકાન્ત શેઠ, નલિન રાવળ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, રાજેન્દ્ર શુક્લ, ચિનુ મોદી, જલન

માતરી, ધીરુ પરીખ, માધવ રામાનુજ, દલપત પઢિયાર, રાજેશ વ્યાસ 'મિસ્કીન', ઉષા ઉપાધ્યાય, કૃષ્ણ દવે, હર્ષ બ્રહ્મભટ્ટ, રાજેન્દ્ર પટેલ, અંકિત ત્રિવેદી, હરદ્વાર ગોસ્વામી, અનિલ ચાવડાએ પોતાની કાવ્યરચનાઓ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સંચાલન ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ કર્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલે આભારદર્શન કર્યું હતું.

## શ્રદ્ધાંજલિ

નજીકના સમયમાં દિવંગત થયેલા ગુજરાતના અગ્રણી કવિઓ અને સર્જકોને ગુજરાતી સાહિત્ય પરિષદમાં તા. ૧૫-૨-૨૦૧૧ના રોજ સાંજે ૬-૦૦ વાગ્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જેમાં સર્વશ્રી જયન્ત પારેખ' વિશે સુમન શાહ, વિપિન પરીખ વિશે પ્રબોધ જોશી, નરેન્દ્ર દવે વિશે કૃષ્ણ દવે, બાપુભાઈ ગઢવી વિશે હર્ષદ ત્રિવેદી અને રાહી ઓધારિયા અને ગોપાલ શાસ્ત્રી વિશે રાજેશ વ્યાસ 'મિસ્કીન'એ શબ્દો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી હતી. પરિષદમંત્રી રાજેન્દ્ર પટેલે સભાનું સંચાલન કર્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદમાં પુસ્તકમેળો

'વાંચે ગુજરાત' અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદમાં તા. ૪ ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમિયાન શ્રી મેઘાણી જ્ઞાનપીઠમાં એક પુસ્તકમેળો યોજાયો, જેમાં 'સ્વર્ણિમ ગુજરાત' નિમિત્તે મળેલા પુરસ્કારરૂપી કુપનોની કિંમત જેટલાં પુસ્તકો આપવામાં આવ્યાં તેમજ રોકડથી પણ પુસ્તકોનું વેચાણ થયું. આ પુસ્તકમેળામાં વિવિધ ૩૨ પ્રકાશકોના લગભગ ૧૬ ૦૦૦ જેટલાં વિવિધ વિષયોને આવરી લેતાં પુસ્તકોનો સમાવેશ થયો હતો. પુસ્તકપ્રેમીઓનો ધસારો એટલો વિશાળ હતો કે બિલ બનાવતી ટીમ અને કેશ લેનાર ઓછા પડતા હતા. સાહિત્ય પરિષદનો આખો સ્ટાફ (નાનાથી મોટી દરેક વ્યક્તિઓ, મંત્રીગણ સહિત) આ કાર્યમાં પ્રવૃત્ત હતો. તા. ૬-૨-૨૦૧૧ના રોજ સાંજે એવું કહેવાય કે સમખાવા પૂરતું એક પુસ્તક પણ પુસ્તકપ્રેમ સામે ટક્યું નહોતું. અંતે તા. ૭-૨-૨૦૧૧ના રોજ પુસ્તકોનો નવો સ્ટોક મૂકવો પડ્યો હતો તેની સ્થિતિ પણ એક જ દિવસમાં આગળના જેવી જ હતી. આ દિવસોમાં પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ, ક. લા. સ્વાધ્યાયમંદિરનાં નિયામક શ્રી પારુલબહેન, ગ્રંથાલયમંત્રી શ્રી કીર્તિદાબહેન શાહનો સહયોગ અને ફાળો ખૂબ મહત્ત્વનો હતો. બિલ બનાવવામાં તો પરિષદના ગ્રંથાલય, ક. લા. સ્વા. મંદિર સાથેના આખા સ્ટાફનો ફાળો હતો (દીપ્તિ શાહ, મહેશભાઈ પટેલ, ભાવસારભાઈ, વિનોદભાઈ, ઈતુભાઈ, આ ઉપરાંત ભાષાભવનના વિદ્યાર્થીઓ ભરત સાધુ, વિક્રમભાઈ, કમલેશભાઈ, નરેશભાઈ, જાનકીબહેન, ક્રિષ્નાબહેન અને પ્રીતિબહેને પણ સેવા આપી હતી. ઉપરાંત ગ્રંથાલય સાથે જોડાયેલા શ્રી રમેશભાઈ પટેલ અને રૂપાબહેન શેઠનું યોગદાન મહત્ત્વનું રહ્યું હતું.

અહીં એક હૃદયદ્રાવક પ્રસંગ નોંધું છું : એક વિદ્યાર્થી કુપન અને પુસ્તકો લઈને ઘરે ગયો હતો એના વાલી બીજે દિવસે સવારના વહેલા આવી કુપન મુજબનું બિલ બનાવી પછી પુસ્તકો લઈ ગયા હતા. પુસ્તકો તેમજ નિષ્ઠા પણ આમ જોડાયેલા છે. અહીં ઉલ્લેખનીય હૃદયસ્પર્શી દશ્યો – બાળકો પોતાની પસંદગીના પુસ્તક માટે મમ્મીને એમ કહે કે મને ઇનામ મળ્યું છે ને મને ગમતું પુસ્તક જ લઈશ. ઉપરાંત આઠથી દસ પુસ્તકો બહાર લાવે અને એમાંથી પોતાને મળેલ પુરસ્કાર જેટલી કિંમતનાં પુસ્તકો પસંદ કરવામાં થતો આનંદ અને 'આ લઉં કે પેલું લઉં'ની થતી મૂંઝવણ જોઈને રૂંવાડાં ખડાં થઈ જાય તેવાં દશ્યોની લહાણી પણ જોઈ હતી. આ ઉપરાંતશ્રી ઉષાબહેન ઉપાધ્યાયે આ ધસારાને પહોંચી વળવા પોતાના વિદ્યાર્થીઓને તાબડતોબ મોકલી આપ્યા અને વિદ્યાર્થીઓએ પણ રસપૂર્વક કામ કર્યું તે ખાસ નોંધપાત્ર છે.

**દીપ્તિ શાહ**

## ધંધુકા ખાતે પુસ્તકમેળો

'વાંચે ગુજરાત' અંતર્ગત ચાલતા પુસ્તકમેળાઓમાંનો એક મેળો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ધંધુકા ખાતે તા. ૧૦-૨થી ૧૨-૨-૨૦૧૧ દરમિયાન યોજાયો હતો. જેમાં ૩૨ જેટલા પ્રકાશકોનાં વિવિધ વિષયોને આવરી લેતાં વિવિધ પ્રકારનાં મહેંદી-વાનગી, બાળકોથી વૃદ્ધ સુધીનાં દરેક વ્યક્તિને લગતાં પુસ્તકો પ્રાપ્ય હતાં. લગભગ ૧૦,૦૦૦ જેટલાં પુસ્તકો ધરાવતો આ મેળો ધંધુકા ગામના 'ટાઉનહૉલ'માં યોજાયો હતો. ત્યાં આયોજન માટે શ્રી મંગલસિંહ અને શ્રી રઘુવીરભાઈની સહાયતા. તેમ જ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી મહેશભાઈ જોશી, સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પી. કે. રાણાસાહેબ તથા સબ-ઇન્સ્પેક્ટર શ્રી સી. જે. રાણાસાહેબ તથા ધંધુકા મામલતદાર શ્રી પટેલસાહેબ, ધંધુકા નગરપાલિકાના ચીફ શ્રી ઉપાધ્યાયસાહેબ, 'વાંચે ગુજરાત' અમદાવાદ જિલ્લા સમિતિના સહમંત્રીશ્રી પંકજભાઈ ઠાકરસાહેબ, તા. પં. કચેરી ધંધુકા, ધંધુકા સરકારી પુસ્તકાલય તથા ઑલ ગુજરાત મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી સંઘના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા વગેરે દ્વારા મળેલા સહકારથી યોજાયેલ સમાપનવિધિ ગુજ. સા. પરિષદના કર્મચારીઓ શ્રી દીપ્તિ શાહ, શ્રી મહેશભાઈ પટેલ, નિલેશ તેમ જ ભાષાભવનના વિદ્યાર્થીઓ વિક્રમ, કમલેશ, નરેશ અને ભરત સાધુ દ્વારા આ પુસ્તકમેળો પાર પડ્યો હતો. અહીં નોંધપાત્ર એ હતું કે બાળકો પોતાની પસંદગીનાં પુસ્તકો માંગતા હતા અને તેઓ નક્કી કરીને આવતા હતા કે તેમને કયું પુસ્તક જોઈતું હતું. ઘર આંગણે મહત્ત્વનાં પુસ્તકોની પસંદગીમાં જ તેઓ ખુશ થતા હતા.

**દીપ્તિ શાહ**

## વાંકાનેર ગામમાં ઉમાશંકર જોશી શતાબ્દીવંદનાની ઉજવણી

શ્રી ઉમાશંકર જોશી સ્મૃતિ ટ્રસ્ટ, ગુજરાતી સાહિત્ય પરિષદ, શ્રી સર્વોદય સેવા સંઘ, વાંકાનેર તથા વાંકાનેર સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૧-૨ જાન્યુઆરી ૨૦૧૧ના દિવસે સાબરકાંઠા જિલ્લાના વાંકાનેર ગામે 'ઉમાશંકર જોશી શતાબ્દી વંદના' કાર્યક્રમનું આયોજન થયું હતું. સ્વાગત આચાર્યશ્રી નિરવદનભાઈ ભટ્ટે કર્યું. અતિથિ વિશેષ શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ ઉમાશંકર જોશીના બામણા ગામને યાદ કરી કવિ-વિવેચક પ્રતિભાને ઉદાહરણ સહિત મૂકી આપ્યાં. નિબંધકાર ડૉ. મણિલાલ હ. પટેલ ઈડરિયા પ્રદેશની ભૂમિકા બાંધી અનેક સંદર્ભો સહિત પોતાના બીજરૂપ વક્તવ્યમાં સર્જકની વિલક્ષણતાઓને અભિવ્યક્ત કરી. સાબરકાંઠા તથા પાટણના જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ગોપાલભાઈ કાનાણી તથા શ્રી નૈષધભાઈ મકવાણાએ પણ

ઉમાશંકરને યાદ કરી ગામડાઓમાં આ પ્રકારનું આયોજન થાય છે તેની પ્રસન્નતાપૂર્વક નોંધ લીધી. શ્રી તુલસીભાઈ વ્યાસે આભારદર્શન અને ડૉ. હિતેશ પંડ્યાએ સંચાલન કર્યું.

બીજી બેઠકમાં અમદાવાદથી આવેલા સંગીતકાર શ્રી પ્રહર વોરા, સોનિક સુથાર તથા હિમાલી વ્યાસ, અતુલ પંડ્યા તથા વૃંદે ઉમાશંકરની રચનાઓનું સંગીતમય ગાન કર્યું. પ્રા. અરવિંદ પટેલ તથા પ્રા. કનુભાઈ ખડદિયાએ કાવ્યપઠન કર્યું.

ત્રીજી બેઠકમાં શ્રી ચન્દ્રકાન્તભાઈ ટોપીવાળાની અધ્યક્ષતામાં શ્રી સતીશભાઈ વ્યાસ, ડૉ. પ્રવીણભાઈ દરજી, શ્રી કલ્યાણસિંહ ચંપાવતે અનુક્રમે એકાંકીકાર ઉમાશંકર, વિવેચક ઉમાશંકર તથા વૈશ્વિક માનવી ઉમાશંકર વિષય પર અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપ્યાં. શ્રી ચન્દ્રકાન્તભાઈ ટોપીવાળાએ પોતાના વક્તવ્યમાં 'ઉમાશંકરનાં સપ્તપદીનાં કાવ્યોની' સદષ્ટાંત ચર્ચા કરી. શ્રી સતીશભાઈ વ્યાસે 'સાપના ભારા' સંગ્રહનાં એકાંકીઓનો કલાદષ્ટિથી આસ્વાદ કરાવ્યો. ડૉ. પ્રવીણભાઈ દરજીએ ઉમાશંકરનું વિવેચન આસ્વાદમૂલક અવબોધકથા કઈ રીતે છે તે પૂર્વ-પશ્ચિમના અનેક સંદર્ભો ટાંકી ચર્ચા કરી. શ્રી કલ્યાણસિંહ ચંપાવતે વિશ્વશાંતિ તથા અન્ય રચનાઓ દ્વારા ઉમાશંકર જોશીનું વૈશ્વિક પરિમાણ પ્રગટ કર્યું. સંચાલન પ્રા. કનુભાઈ ખડદિયાએ કર્યું. સમાપન બેઠકમાં સર્વોદય સેવા સંઘના પ્રમુખશ્રી લક્ષ્મીકાંત ઠાકર તથા પ્રા. અરવિંદભાઈ પટેલે પ્રતિભાવો આપતાં કાર્યક્રમની સુંદર સફળતા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. શતાબ્દી વંદનાના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ગ્રામજનો સહભાગી થયા હતા. શ્રી મહેન્દ્રભાઈ ઉપાધ્યાય, શ્રી પ્રકાશ ઠાકર, શ્રી રાજેન્દ્ર ઠાકર, શ્રી અરવિંદ પંચાલ તથા અન્ય સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. હિતેશ પંડ્યા, શ્રી સંજય ઉપાધ્યાય તથા શ્રી સચિન ઉપાધ્યાયના અથાગ પરિશ્રમથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## શ્રી રતિલાલ બોરીસાગરની ઉપસ્થિતિમાં લેખિકા બહેનોની બેઠક યોજાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ દ્વારા તાજેતરમાં તા. ૮-૨-૨૦૧૧ મંગળવારના રોજ ગુજ. સા. પ. ખાતે લેખિકા બહેનોની સાહિત્યિક ગોષ્ઠિ યોજવામાં આવી હતી.

આ બેઠકમાં શ્રી રતિલાલ બોરીસાગરે બાળસાહિત્યનાં વિવિધ પાસાં, લાક્ષણિકતાઓ, બાળસાહિત્ય પાસેની અપેક્ષાઓ, બાળમાનસ, ભાષા વગેરે વિશે ખૂબ વિશદ રીતે ઉદાહરણ સહિત માર્ગદર્શન આપ્યું હતું. તેઓશ્રીએ બાળવાર્તા વાંચવા કરતાં કહેવા-સાંભળવા માટે છે, એ બાબત પર ખાસ ભાર મૂક્યો હતો. કથ્ય વાર્તા-વાચ્ય વાર્તા વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. બાળવાર્તા-સાહિત્યમાં પ્રવાહિતા, ભાષા-શબ્દપ્રયોગો અને લય, ગદ્ય-પદ્યનો વિનિયોગ, પુનર્કથન, આધુનિક સમય – ટેક્નોલૉજી – પાત્રોનું નિરૂપણ, સંવાદો વગેરે મુદ્દાઓની છણાવટ કરી હતી અને લેખિકાઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ બેઠકમાં પંદરેક લેખિકા બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો.

આગામી તા. ૧ માર્ચ, ૨૦૧૧ના રોજ લેખિકા બહેનોની બેઠક મળશે, જેમાં બહેનો સ્વરચિત કૃતિઓનું પઠન કરશે.

**– પ્રજ્ઞા પટેલ**



## માતૃભાષા સંવર્ધનકેન્દ્ર માટે મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | મગનલાલ ત્રિકમદાસ ઠક્કર ટેરિટેબલ ટ્રસ્ટ, બોરસદ | ૨૫,૦૦૦/- |
| ૨. | માનવ C/o ડૉ. નીતિન કે. ગર્ગ, સુરત | ૧૨૦૦૦/- |

## ગુજરાતી સાહિત્યકોશ શોધનવર્ધન યોજના માટે મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | હરિકૃષ્ણ ચેરિટેબલ ટ્રસ્ટ C/o સવજીભાઈ ધોળકિયા, સુરત | ૧,૦૦,૦૦૦/- |
| ૨. | રમણલાલ જરીવાળા, સુરત | ૧૫,૦૦૦/- |
| ૩. | સ્વ. મગનલાલ જે. મોદી સ્મૃતિ, C/o રમણલાલ જરીવાળા, સુરત | ૧૦,૦૦૦/- |
| ૪. | ડાહ્યાભાઈ વજેરામ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ C/o વસંત જરીવાળા, સુરત | ૨૫,૦૦૦/- |
| ૫. | પંકજ કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત | ૫૦,૦૦૦/- |
| ૬. | કુંજવિહારી લીમડી, સુરત | ૫૧,૦૦૦/- |
| ૭. | જ્યોતીન્દ્ર લેખડિયા, સુરત | ૧૫,૦૦૦/- |

r